JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets · ISC Indian Steel Corporation Ltd. · durashine TATA BLUESCOPE STEEL · TATA SHAKTEE GC SHEET
ALEVATE PERFORMANCE AT ITS PEAK Aluminium Roofing Sheets
• Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
• Galvanised Plain Sheet - MS - CRC sheets
• Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
• 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
• Poly Carbonate, PVC Sheets & Roofing Accessories
STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in

# ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?
ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.
અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ અષાઢ વદ ચૌદસ મંગળવાર ૧૧ ઓગષ્ટ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૪૭ પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦

# H1-B, L-1 વિઝા લંબાવવા હવે મોટી ફી ભરવી પડશે

**અગાઉ** શરૂઆતની અરજી અથવા નોકરી બદલવા પર જ લાગુ પડતી આ ફી હવે વિઝા લંબાવવા પર પણ લાગુ પડશે

**અમેરિકન** સરકારે જાહેર કરેલા નવા નિયમોથી હજારો ભારતીય કામદારોને અસર થવાની શક્યતા

**વોશિંગ્ટન, તા. 10 (PTI):** અમેરિકાએ સોમવારે નવા નિયમો જાહેર કર્યા છે, જે અંતર્ગત મોટા નોકરીદાતાઓ માટે તેમના કર્મચારીઓના વિઝા એક્સટેન્શન માટેની અરજી પર H-1B વિઝા માટે ૪,૦૦૦ યુએસ ડોલર અને L-1 વિઝા માટે ૪,૫૦૦ યુએસ ડોલરની ફી ચૂકવવી ફરજિયાત બનશે.

અગાઉ, આ ફી માત્ર શરૂઆતની H-1B અને L-1 અરજીઓ અથવા જો અરજદારો નોકરી બદલે તો જ લાગુ પડતી હતી. ભારતની અગ્રણી આઈટી (IT) સર્વિસિસ અને કન્સલ્ટિંગ કંપનીઓ ઓનશોર-ઓફશોર સ્ટાફિંગ મોડલ પર નિર્ભર છે, જેના કારણે તેઓ આ બદલાયેલા નિયમના દાયરામાં આવી જશે. ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યોરિટીએ જણાવ્યું હતું કે, '૯-૧૧ રિસ્પોન્સ એન્ડ બાયોમેટ્રિક એન્ટ્રી-એક્ઝિટ ફી' ૯ સપ્ટેમ્બરથી અમલમાં આવશે. આ ફી એવા નોકરીદાતાઓને લાગુ પડે છે જેઓ અમેરિકામાં ૫૦ કે તેથી વધુ કર્મચારીઓ ધરાવે છે અને જો તેમના ૫૦ ટકાથી વધુ કર્મચારીઓ H-1B અથવા L-1 નોન-ઈમિગ્રન્ટ સ્ટેટસ ધરાવતા હોય.

આ નિયમને કારણે ટેકનોલોજી કંપનીઓ, ગ્લોબલ કન્સલ્ટિંગ ફર્મ્સ, આઈટી સર્વિસ પ્રોવાઈડર્સ, બહુરાષ્ટ્રીય કંપનીઓ અને મોટી સંખ્યામાં H-1B અને L-1 કર્મચારીઓ ધરાવતી અન્ય સંસ્થાઓ માટે ઈમિગ્રેશન સ્પોન્સરશિપનો ખર્ચ વધવાની સંભાવના છે. જે સંસ્થાઓ એક જ કર્મચારી માટે નિયમિત એક્સટેન્શનની વિનંતીઓ ફાઈલ કરે છે, તેઓએ હવે વધારાના ફાઈલિંગ ખર્ચનો સામનો કરવો પડશે, જે કદાચ અગાઉ લાગુ પડતો ન હતો. DHS એ સ્પષ્ટતા કરી છે કે જે સુધારેલી અરજીઓમાં સ્ટેટસ વધારવાની વિનંતી કરવામાં આવી નથી, તેમને આ વિસ્તૃત ફીની જરૂરિયાતમાંથી મુક્તિ આપવામાં આવી છે. DHS ના અંદાજ મુજબ, આ વહીવટી ગેપને પૂરો કરીને અને દરેક એક્સટેન્શન અરજી પર ૪,૦૦૦ થી ૪,૫૦૦ યુએસ ડોલર એકત્રિત કરવાથી વાર્ષિક અંદાજે ૧૫૭.૩ મિલિયન યુએસ ડોલરની આવક થશે. સક્રિય

...અનુસંધાન પાના 15 પર

## કોલંબિયામાં 7.4નો ભૂકંપ: 20નાં મોત, ડઝનબંધ ઇમારતો ધરાશાયી

**ઘણાને** ઇજા, અનેક લોકો કાટમાળ હેઠળ દબાયા હોવાથી મૃત્યુઆંક વધવાનો ભય

**દક્ષિણ** અમેરિકા ખંડના આ દેશના પશ્ચિમ ભાગના અનેક શહેરો તારાજ





**બોગોટા(કોલંબિયા), 10 ઓગસ્ટ (AP):** દક્ષિણ અમેરિકાના દેશ કોલંબિયામાં સોમવારે 7.4 ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ આવ્યા બાદ પશ્ચિમ કોલંબિયાના શહેરોમાં ઓછામાં ઓછા 20 લોકોનાં મોત થયા છે અને ડઝનબંધ ઇમારતો ધરાશાયી થઈ છે. આ દુર્ઘટનામાં લોકો કાટમાળ નીચે દબાયા છે, અન્ય ઘણા ઘાયલ થયા છે અને રાજધાની બોગોટા સુધીના વિસ્તારમાં લોકોને પોતાના ઘરો ખાલી કરવાની ફરજ પડી છે.

યુએસ જીઓલોજિકલ સર્વે(USGS) અને કોલંબિયાની તેની સમકક્ષ સંસ્થાએ જણાવ્યા અનુસાર, ભૂકંપનું કેન્દ્રબિંદુ બોગોટાથી લગભગ 400 કિલોમીટર પશ્ચિમે આવેલા ચોકો ક્ષેત્રના સાન જોસ ડેલ પાલમર નામના લગભગ 4,800 ની વસ્તી ધરાવતા વિસ્તારમાં હતું. USGS અનુસાર, આ ભૂકંપ 66 માઈલ (107 કિલોમીટર)ની ઊંડાઈએ આવ્યો હતો. ભૂકંપના આંચકા પાડોશી દેશ ઈક્વાડોરમાં પણ અનુભવાયા હતા. સ્થાનિક અધિકારીઓએ પુષ્ટિ કરી છે કે પેરેરા શહેરમાં ઓછામાં ઓછા 18 લોકો અને મેનિઝાલેસ શહેરમાં બે લોકોનાં મોત થયા છે.

ભૂકંપને કારણે દેશના પશ્ચિમ ભાગના શહેરો તારાજ થઈ ગયા છે, અને આફ્ટરશોક્સ અંગે તંત્રની ચિંતા વચ્ચે રહીશો કાટમાળમાંથી સામાન શોધી રહ્યા છે. કોલંબિયાના ત્રીજા સૌથી મોટા શહેર કાલીમાં 64 વર્ષીય ટેક્સી ડ્રાઈવર જોર્જ મોનકાયોએ જણાવ્યું કે, પહાડોમાં આવેલા તેમના ઘરેથી તેમણે ભૂકંપ બાદ ઇમારતો ધરાશાયી થતાં સમગ્ર શહેરમાં ધૂળની ડમરીઓ ઊડતી જોઈ હતી. સોમવારે સવારે શહેરના રહીશો અને બચાવકર્તાઓ ધરાશાયી થયેલી ઇમારતોના કાટમાળમાં શોધખોળ કરી રહ્યા હતા. તેમણે કહ્યું, મારું આખું ઘર ધ્રુજી ગયું હતું. મેં મારા જીવનમાં ક્યારેય આટલો શક્તિશાળી ભૂકંપ અનુભવ્યો નથી. સ્થાનિક મીડિયા આઉટલેટ્સ દ્વારા શેર કરવામાં આવેલા ફૂટેજમાં પેરેરા, કાલી અને ક્વિબદો શહેરોમાં ઘરો અને નાની ઇમારતો ધરાશાયી થતી જોવા મળી હતી. 20 લાખની વસ્તી ધરાવતા કાલી શહેરના મેયર અલેજાન્દ્રો એડરે જણાવ્યું કે ધરાશાયી થયેલી ઓછામાં ઓછી 19 ઇમારતોમાં રહીશો ફસાયેલા છે.

## દિલ્હી ડાયરી

### સંસદની મડાગાંઠ: ગૃહમંત્રીના નિવેદનની વિપક્ષી માંગ

સંસદના ચાલુ ચોમાસું સત્રમાં સતત ઘર્ષણને કારણે શાસક પક્ષ મૂંઝવણમાં મુકાયો છે. આ મડાગાંઠ મુખ્યત્વે કોંગ્રેસની આગેવાની હેઠળના વિપક્ષની એ માંગ પર છે કે ગૃહમંત્રી અમિત શાહે સંસદના બંને ગૃહોમાં આવીને કોકરોચ જનતા પાર્ટી (સીજેપી)ના બેનર હેઠળ વિરોધ પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓ તેમ જ યુવાનો પર થયેલા નિર્મમ પોલીસ એક્શન અંગે નિવેદન આપવું જોઈએ.

ભાજપની આગેવાની હેઠળનું શાસક નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (એનડીએ) સંસદનું કામકાજ સુચારૂ રીતે ચાલે તે સુનિશ્ચિત કરવા માટે દરેક શક્ય પ્રયાસ કરી રહ્યું છે, ખાસ કરીને જ્યારે ચોમાસું સત્ર તેના છેલ્લા સપ્તાહમાં પ્રવેશ્યું છે. શાસક પક્ષને આશા છે કે, સામાન્ય સ્થિતિ પુન:સ્થાપિત થશે, ખાસ કરીને જ્યારે તે ગૃહમંત્રી કેટલાક મહત્ત્વપૂર્ણ વિધેયકો રજૂ કરે તેવી અપેક્ષા રાખી રહ્યો છે. ચર્ચા એવી પણ છે કે, તેઓ વિપક્ષની માંગ મુજબ નિવેદન આપવાની તક ઝડપી લેશે. જોકે, સોમવારથી શરૂ થયેલા આ સપ્તાહમાં આ અંગે કોઈ સંકેત મળ્યા ન હતા.

અહેવાલો મુજબ વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુ વચ્ચે અનૌપચારિક વાટાઘાટો થઈ હતી. જાણવા મળ્યું છે કે,

...અનુસંધાન પાના 15 પર

## સતત બીજા મહિને ભારતની રશિયાથી ક્રૂડ ઓઇલની આયાત વિક્રમી સ્તરે

**જુલાઇમાં** ભારતે ૫.૫ અબજ યુરોના રશિયન ક્રૂડની આયાત કરી

**જથ્થાની** દષ્ટિએ જૂન કરતા જુલાઇમાં ભારતની આ આયાત ૨.૧ ટકા વધુ

**નવી દિલ્હી, તા. 10 (PTI):** જુલાઈ મહિનામાં રશિયન ક્રૂડ ઓઈલની ભારતની આયાત સતત બીજા મહિને રેકોર્ડ સ્તરે પહોંચી છે, જે દર્શાવે છે કે મોસ્કોની ઊર્જા નિકાસ પર પશ્ચિમી દેશોના કડક પ્રતિબંધો હોવા છતાં, ડિસ્કાઉન્ટવાળા રશિયન પુરવઠા પર ભારતની નિર્ભરતા સતત યથાવત છે.

સેન્ટર ફોર રિસર્ચ ઓન એનર્જી એન્ડ ક્લીન એર(CREA) દ્વારા એકત્રિત કરવામાં આવેલા ડેટા અનુસાર, ભારતીય ખરીદદારોએ જુલાઈમાં ૫.૫ અબજ યુરોની કિંમતના રશિયન ક્રૂડની આયાત કરી હતી, જે જૂન મહિનાની સરખામણીએ ૨.૧ ટકા વધુ છે. ચાલુ મહિને રશિયા પાસેથી ભારતે કરેલી કુલ અશ્મિભૂત ઈંધણની ખરીદીમાં ક્રૂડ ઓઈલનો હિસ્સો ૮૭ ટકા હતો.

જૂન મહિનામાં, ભારતે ૪.૫ અબજ યુરોની કિંમતનું રશિયન ક્રૂડ ખરીદ્યું હતું, જે તેની ૫.૫ અબજ યુરોની કુલ રશિયન અશ્મિભૂત ઈંધણની આયાતના ૮૩ ટકા જેટલું હતું. આ ૨.૧ ટકાનો વધારો જથ્થાના સંદર્ભમાં છે, મૂલ્યના સંદર્ભમાં નહીં. ફેબ્રુઆરી ૨૦૨૨માં યુક્રેન પર રશિયાના આક્રમણ બાદ રશિયન ક્રૂડ પર ભારતની નિર્ભરતા ઝડપથી વધી છે, કારણ કે પશ્ચિમી દેશોના પ્રતિબંધો અને યુરોપિયન ખરીદદારોના હટી જવાને કારણે મોસ્કોએ એશિયન રિફાઈનર્સને મોટું ડિસ્કાઉન્ટ આપવાનું શરૂ કર્યું હતું. યુએસ એનર્જી ઈન્ફોર્મેશન એડમિનિસ્ટ્રેશનના જણાવ્યા

...અનુસંધાન પાના 15 પર

## ઈથેનોલ મિશ્રિત બળતણનો ઉપયોગ પર્યાવરણ અને કૃષિ પેટર્નને અસર કરી શકે

**નિષ્ણાતોના** એક જૂથે પર્યાવરણની સાથે જ જમીનના વપરાશની પેટર્ન પર અસર પડવાની પણ ચિંતા દર્શાવી

**ઇથેનોલ** મિશ્રિત બળતણનો ઉપયોગ ખાદ્ય સુરક્ષા, ભૂગર્ભજળના સ્તર અને ઘરગથ્થુ આવક પર પણ ગંભીર અસર કરી શકે

**નવી દિલ્હી, તા. 10 (PTI):** ઈથેનોલ મિશ્રિત બળતણ અંગે ચિંતા વ્યક્ત કરતા નિષ્ણાતોના એક જૂથે સોમવારે જણાવ્યું હતું કે, આ નીતિ જમીનના વપરાશ અને કૃષિ પેટર્ન, ખાદ્ય સુરક્ષા, ભૂગર્ભજળના સ્તર અને ઘરગથ્થુ આવક પર ગંભીર અસર કરી શકે છે. નિષ્ણાતોએ એ વાત પર પણ ભાર મૂક્યો હતો કે આગામી સમયમાં, સરકારે વાહનોની કાર્યક્ષમતામાં થતા ઘટાડા અને વાહનના ભાગોમાં થતા ઘસારાના કારણે થતા ખર્ચની ભરપાઈ કરવા માટે ઈથેનોલ-બ્લેન્ડેડ ફ્યુઅલના ભાવ ઘટાડવા જોઈએ.

આ જૂથમાં દિલ્હી સાયન્સ ફોરમના વૈજ્ઞાનિક અને કાર્યકર્તા ડી. રઘુનંદન, કૃષિ મંત્રાલય અને ફૂડ પ્રોસેસિંગ મંત્રાલયના પૂર્વ સચિવ સિરાજ હુસૈન અને નીતિ આયોગના પૂર્વ સભ્ય રમેશ ચંદ સામેલ હતા. ઈન્ડિયન વુમન્સ પ્રેસ ક્લબ દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં પોતાના સંબોધન દરમિયાન રઘુનંદને જણાવ્યું હતું કે, ઈથેનોલ-બ્લેન્ડેડ ફ્યુઅલે ભારતીય કૃષિ ક્ષેત્રને ખાદ્ય આધારિતમાંથી બળતણ આધારિત બનાવી દીધું છે. રઘુનંદનના જણાવ્યા અનુસાર, ઉદાહરણ તરીકે ઈથેનોલ બનાવવા માટે મકાઈનો ઉપયોગ કરવાને કારણે, દેશને હવે પોતાની જરૂરિયાત પૂરી કરવા માટે મકાઈની આયાત કરવાની ફરજ પડી રહી છે, જ્યારે પહેલા ભારત મકાઈની નિકાસ કરતું હતું.

તેમણે કહ્યું, ઈથેનોલ-બ્લેન્ડેડ ફ્યુઅલ પોલિસી વિક્ષેપકારક છે. તેના ઉપયોગની પાણીના વપરાશ અને કૃષિ પેટર્નમાં ફેરફારના સંદર્ભમાં પર્યાવરણીય અસર પડે છે. ચંદે સૂચવ્યું કે તાજેતરના વર્ષોમાં ચોખા અને ખાંડના વધારાના ઉત્પાદનને પહોંચી વળવા માટે સરકારે ઈથેનોલ મિશ્રિત બળતણને પ્રોત્સાહન આપ્યું હતું. તેમણે કહ્યું, ચોખા અને ખાંડ લઘુત્તમ ટેકાના ભાવ પર ખરીદવામાં આવ્યા છે, જે આંતરરાષ્ટ્રીય ભાવ અને ખુલ્લા બજારના ભાવ કરતાં વધુ છે. આ વધારાના જથ્થાનો ન તો સ્થાનિક સ્તરે વપરાશ થઈ રહ્યો છે કે ન તો આંતરરાષ્ટ્રીય બજારમાં તેની ખરીદી થઈ રહી છે.

ચંદે નોંધ્યું હતું કે દેશ માટે ચોખાની ખેતી હેઠળના મોટા વિસ્તારને મકાઈથી બદલવો જરૂરી છે. કારણ કે ચોખા વધુ પાણી વાપરે છે અને ગ્રીનહાઉસ ગેસ એવા મિથેનનું ઉચ્ચ માત્રામાં ઉત્સર્જન કરે છે. ઈથેનોલ-બ્લેન્ડેડ ફ્યુઅલના ઉપયોગ અંગે

...અનુસંધાન પાના 15 પર

## ઇથેનોલ ભેળવ્યા પછી ડીઝલ ફ્લેશ પોઇન્ટ ટેસ્ટમાં નિષ્ફળ

**ડીઝલમાં** ઇથેનોલ ભેળવ્યા પછી તેને પેટાવવા માટેના જરૂરી તાપમાનનું બિંદુ નોંધપાત્ર નીચે જતું જણાયું

**આ સમસ્યાનો** ઉકેલ નહીં આવે ત્યાં સુધી ડીઝલમાં ઇથેનોલ ભેળવવાનું શરૂ કરવામાં નહીં આવે

**નવી દિલ્હી, તા. 10 (PTI):** પેટ્રોલિયમ અને કુદરતી ગેસ રાજ્ય મંત્રી સુરેશ ગોપીએ સોમવારે જણાવ્યું હતું કે, ઈથેનોલ-બ્લેન્ડેડ ડીઝલ (ઈથેનોલ મિશ્રિત ડીઝલ) જરૂરી સુરક્ષા માપદંડોમાં નિષ્ફળ રહ્યું છે, કારણ કે ઈથેનોલ ઉમેરવાને લીધે ફ્યુઅલનું ફ્લેશ પોઈન્ટ (તે તાપમાન જેની પર બળતણ આગ પકડી શકે છે) નોંધપાત્ર રીતે ઘટી ગયું હતું. આ સાથે જ તેમણે જ્યાં સુધી આ ટેકનિકલ સમસ્યાનો ઉકેલ ન આવે ત્યાં સુધી આ બળતણના વ્યાપક ઉપયોગની શક્યતાઓને નકારી કાઢી છે.

સંસદમાં એક લેખિત જવાબમાં ગોપીએ જણાવ્યું હતું કે, જાહેર ક્ષેત્રની તેલ માર્કેટિંગ કંપનીઓએ (OMCs) તેમની સંબંધિત સંશોધન અને વિકાસ (R|D) સંસ્થાઓ દ્વારા, માન્ય પ્રયોગશાળાઓ અને ઓટોમોબાઈલ ઉત્પાદકોના સહયોગથી ડીઝલમાં ઈથેનોલના મિશ્રણનું વૈજ્ઞાનિક મૂલ્યાંકન કર્યું હતું.

તેમણે જણાવ્યું કે, આ પરીક્ષણોમાં જાણવા મળ્યું છે કે ઈથેનોલ-મિશ્રિત ડીઝલ નિર્ધારિત ડીઝલ ફ્લેશ-પોઈન્ટના માપદંડને પૂર્ણ કરતું ન હતું, કારણ કે ઈથેનોલની હાજરીને લીધે ફ્લેશ પોઈન્ટમાં મોટો ઘટાડો નોંધાયો હતો.

તેમણે કહ્યું, "જાહેર ક્ષેત્રની તેલ

...અનુસંધાન પાના 15 પર

## ઝારખંડમાં વિધાનસભા તરફ કૂચ કરતાં વિદ્યાર્થીઓ પર પોલીસનો લાઠીચાર્જ

**આંદોલનકારી** વિદ્યાર્થીઓએ વિધાનસભા નજીક ઉભી કરવામાં આવેલી આડશો તોડવા માંડતા સંઘર્ષ સર્જાયો

**પોલીસે** વોટર કેનન, ટિયર ગેસનો પણ ઉપયોગ કર્યો : અનેક વિદ્યાર્થીઓ અને ચાર પોલીસ કર્મીઓને ઇજા



**રાંચી, 10 (PTI):** ઝારખંડ વિધાનસભા નજીક સોમવારે પ્રદર્શનકારીઓ અને પોલીસ વચ્ચે થયેલી હિંસક અથડામણમાં અનેક આંદોલનકારીઓ અને ચાર પોલીસકર્મીઓ ઘાયલ થયા છે. ભરતી પરીક્ષાઓમાં કથિત ગેરરીતિઓનો વિરોધ કરી રહેલા નોકરીવાંચ્છુ ઉમેદવારો પર પોલીસે વોટર કેનન, ટીયર ગેસ અને

...અનુસંધાન પાના 15 પર

## ભરતી પરીક્ષામાં ગોટાળા: ઝારખંડ CID દ્વારા JPSCના માજી અધ્યક્ષની ધરપકડ

**ઉગ્ર** આંદોલન વચ્ચે એલ. ખિયાંગતેએ 22 જુલાઇએ જ હોદ્દા પરથી રાજીનામુ આપ્યું હતું, ત્યારબાદ તેમની ચાર વખત પૂછપરછ કરાઇ હતી

**રાંચી, તા. 10 (PTI):** ઝારખંડ સીઆઈડીએ સોમવારે ભરતી પરીક્ષાઓમાં કથિત ગડબડી અને ગેરરીતિઓના સંબંધમાં JPSCના ભૂતપૂર્વ અધ્યક્ષ એલ. ખિયાંગતેની ધરપકડ કરી છે, તેમ રાજ્યની તપાસ એજન્સીના એક ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું.

1988 કેડરના આ IAS અધિકારી ગયા વર્ષે ફેબ્રુઆરીમાં રાજ્યના મુખ્ય સચિવ પદેથી નિવૃત્ત થયા બાદ 'ઝારખંડ પબ્લિક સર્વિસ કમિશન' (JPSC)ના અધ્યક્ષ તરીકે નિમાયા હતા. તેમણે 22 જુલાઈના રોજ પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું હતું. સીઆઈડીના એડિશનલ

...અનુસંધાન પાના 15 પર

### ઝારખંડ ભરતી પરીક્ષા ગેરરીતિ કેસમાં EDએ તપાસ શરૂ કરી

**રાંચી.** પ્રવર્તન નિદેશાલય(ED)એ ઝારખંડમાં વિવિધ ભરતી પરીક્ષાઓ, ખાસ કરીને JSSC-CGL પરીક્ષાના સંચાલનમાં થયેલી કથિત ગેરરીતિઓની મની લોન્ડરિંગ તપાસ શરૂ કરી છે, તેમ અધિકારીઓએ સોમવારે જણાવ્યું હતું. તેમણે જણાવ્યું કે, આ કેન્દ્રીય એજન્સીએ રાજ્ય પોલીસ CIDની FIR તેમજ અન્ય કેટલીક ફરિયાદો અને ચાર્જશીટની નોંધ લઈને પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA) હેઠળ તપાસ શરૂ કરી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, ED ટૂંક સમયમાં વધુ કાર્યવાહી શરૂ કરે તેવી અપેક્ષા છે, જેમાં પુરાવા એકત્ર કરવા, આ કેસો સાથે સંકળાયેલા લોકોને સમન્સ પાઠવવા અને સંભવત: આરોપીઓની સંપત્તિ જપ્ત કરવાનો સમાવેશ થાય છે. ભરતી પરીક્ષાઓ, ખાસ કરીને JSSC-CGLમાં થયેલી કથિત અનિયમિતતાઓની CBI તપાસની માંગ સાથે વિદ્યાર્થીઓ રાજ્યમાં 16

...અનુસંધાન પાના 15 પર

### તા. ૧૦-૦૮-૨૦૨૬નું વડોદરા શહેરનું હવામાન

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો | મોસમનો |
|---|---|---|
| | 0.0 મીમી | ૫૩૩ મીમી |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૨૯.૨ સે. | ૨૬.૪ સે. | ૯૪% |